અપીલ અરજી નં.૧૨૦/૦૮–૦૯ તા. ૫–૮–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨૬–૬–૦૮ ની અરજીથી રાણીતળાવ છકકાપીરની ગલીમાં આવેલ વોર્ડ નં.૧૨/૩૪૨–૪૩ રેસીડન્ટવાળી મિલ્કતના ભોંયતળિયે ચાલતી રીફાઈનરી અંગે મુદ્દા નં.૧ થી ૬ બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨૬–૬–૦૮ ની અરજીથી રાણીતળાવ છકકાપીરની ગલીમાં આવેલ વોર્ડ નં.૧૨/૩૪૨–૪૩ રેસીડન્ટવાળી મિલ્કતના ભોંયતળિયે ચાલતી રીફાઈનરી અંગે મુદ્દા નં.૧ થી ૬ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૪૬૬ તા.૨૪–૭–૦૮ થી આપેલ માહિતી અસંતોષકારક તેમજ ગોળ ગોળ જવાબ વાળી હોવાનું જણાવી આપેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તબદીલ થયેલ હોય તો તે વિગત તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૭ તા.૧૧–૮–૦૮ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/૬૦૭ તા.૨૬–૮–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે કરેલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતી બાબતે જવાબ પાઠવવામાં આવેલ છે જેમાં મુદ્દા નં.૩,૪ અને ૬ અત્રેની કચેરીને લાગત નથી તેવા જવાબ અંગે આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ નિયમની જોગવાઈને અનુસરી કાર્યવાહી કરવાની રહે છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કરવામાં આવેલ નથી. મુદ્દા નં.૫ અંગે મુળ અરજીથી અલાયદી માહિતીની અપીલ અરજીમાં માંગણી કરવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૨ માં મુળ અરજીથી અન્ય પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે જયારે અન્ય મુદ્દાઓ અંગે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૬–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩,૪ અને ૬ બાબતે કલમ–૬(૩) હેઠળ નિયમની જોગવાઈને અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ કાર્યવાહી કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. અરજદારે મુળ અરજીથી મુદ્દા નં.૨ અપીલમાં અન્ય ઉપસ્થિત કરેલ પ્રશ્ન તથા અન્ય વિગત અંગે સક્ષમ સત્તાને અલગ રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,